# સફાઈ કામદારો અને તેના આશ્રિતો માટે "કુટુંબ"ની વ્યાખ્યા

<u>જી. સી. એસ. આર. નિયમ : ૯ (૨૬) :</u>

"કુટુંબ" એટલે જે તે કિસ્સા મુજબ, કર્મચારીની સાથે રહેતા પત્ની અગર પતિ તેમજ તેની સાથે રહેતા અને સર્વથા તેના ઉપર આધારિત ઔરસ કે સાવકાં બાળકો. આ ઉપરાંત તેના માતા–પિતા, બહેનો, સગીર ભાઈઓ કે જેઓ તેના ઉપર સર્વથા આધારિત હોય તેઓનો પણ તેમાં સમાવેશ થાય છે.

નોંધ–૧ : "કુટુંબ" શબ્દમાં, એક કરતાં વધુ પત્નીઓનો સમાવેશ થતો નથી.

નોંધ–૨ : કર્મચારીના સંગત કાયદા અનુસાર જો દત્તક ગ્રહણ કાયદેસર ગણાતું હોય, તો તેણે દત્તક લીધેલ બાળકોને કાયદેસર ઔરસ બાળક ગણવામાં આવશે.

નોંધ–૩ : ઔરસ કે સાવકું બાળક, માતા–પિતા, બહેન, સગીર ભાઈઓ જેઓ કર્મચારી સાથે રહેતા હોય અને જેમની બધા સ્ત્રોતોથી થતી માસિક આવક, પેન્શન સહિતની (જેમાં પેન્શનમાં થતો હંગામી વધારો પણ આવી જાય) રૂા. ૫૦૦ થી વધુ થતી ન હોય તેવા સભ્યો કર્મચારી ઉપર "સંપૂર્ણપણે આધારિત" ગણાશે.